ચાણક્ય ગ્રુપનું કડક અભિગમવાળું દૈનિક

# ધી ન્યુઝલાઇન

વર્ષ : ૨૨ અંક ૨૩૨ તારીખ ૦૧-૦૬-૨૦૧૬ પાનાં : ૪ માલિક : જયની પબ્લીશર્સ તંત્રી : શ્રી રણછોડ એન. શાહ સહ તંત્રી : રાધિકા ગંજવાલા

# એક્સિસ બેન્ક અને એચડીએફસીમાં ઝડપી તેજી

છેક રૂ. ૩૬૦ના ભાવથી **એક્સિસ બેન્ક**નો શેર કવર કરાવીએ છીએ અને આગામી દિવસોમાં આ શેરમાં ફંડામેન્ટલનો સુંદર સપોર્ટ હોવાથી ભારતીય ખેલાડીઓની મોટી લેવાલી શરૂ થઈ ગઈ છે. આગામી દિવસોમાં આ શેરમાં રૂ. ૫૬૦નો ભાવ ઝડપથી આવી જાય તો નવાઈ નહિ લાગે.

શોર્ટટર્મ ખેલાડીઓનું આકર્ષણ ઓટો એન્સિલરી **બોશ**ના શેરમાં પણ જોવાય છે. અગાઉ રૂ. ૨૧૦૦૦ ઉપર થોડાંક શેર લઈ લેવાનું કહ્યું હતું. અત્યારે રૂ. ૨૨૨૧૭ ઉપર આવ્યો છે અને આવતાં થોડાં દિવસોમાં જ રૂ. ૨૩૨૧૭નો ભાવ આવે તેવી ગણતરી છે.

શોર્ટટર્મ ખેલાડીઓની લેવાલી **પેજ ઈન્ડસ્ટ્રીઝ**ના શેરમાં પણ છે. અત્યારે રૂ. ૧૪૦૨૪ ઉપર મળી રહેલા આ શેરમાં થોડું રોકાણ કરી શકાય. ૧ કે ૨ શેર લેવા ખોટા નહિ અને ઝડપથી રૂ. ૧૦૦૦નું પત્તું મળી જવાની સંભાવના દેખાય છે.

**શ્રી સિમેન્ટ**નો શેર પણ ખૂબ ઉંચા ભાવનો છે. પરિણામો એટલા જોરદાર નથી આવ્યા તેમ છતાં સટોડિયાઓનું આકર્ષણ હંમેશાં આ શેર તરફ રહ્યું છે. અત્યારે રૂ. ૧૩૪૦૧ ઉપર છે અને આવતાં થોડાં દિવસોમાં રૂ. ૧૪૪૦૧નો ભાવ બતાવે તે સંભાવના મજબૂત છે. મોટી રકમનો શેર હોવાથી એકાદ શેર લેશો તો વાંધો નહિ.

મેગીના લોન્ચિંગ પછી ફરી એક વખત **નેસ્લે**ના શેરમાં ખેલાડીઓ સક્રિય થયા છે. ફરી વખત લોન્ચિંગ થયાના થોડાં મહિનામાં બજાર ઝડપથી પકડી લીધું છે. અત્યારે રૂ. ૬૩૦૮ ઉપર મળી રહેલા આ શેરમાં પણ પાંચેક શેરનું કામકાજ કરી શકાય અને શોર્ટટર્મમાં જ રૂ. ૬૫૦૦ ઉપરના ભાવની ગણતરી છે.

તેવી જ રીતે **જિલેટ**ના શેરમાં લાંબી તેજીની શરૂઆત થઈ ગઈ છે. કમાણીની સરખામણીમાં તો આ શેર સતત ઉંચા વેલ્યુએશન ઉપર જ હોય છે. અત્યારે રૂ. ૪૭૧૪ ઉપર છે અને આવતાં થોડાં દિવસોમાં રૂ. ૫૦૦૦નું લેવલ કૂદાવી દેવાની તૈયારીમાં છે.

**મારુતિ**એ રૂ. ૪૦૦૦નું લેવલ કૂદાવી દીધું છે. શેરને ધ્યાનમાં રખાય અને આ વખતના ઉછાળામાં મારુતિમાં રૂ. ૪૪૦૦ના ભાવની સંભાવના મજબૂત છે.

રેટિંગ એજન્સી **ક્રિસિલ** રૂ. ૨૧૮૧ ઉપર મળી રહ્યો છે અને તે શેરમાં પણ આગામી દિવસોમાં રૂ. ૧૦૦નો ઝડપી ઉછાળો જોવાવાની ગણતરી. થોડું રોકાણ કરી શકાય.

**શ્રીરામ ટ્રાન્સપોર્ટ ફિનાન્સ**નો શેર લેવાનું અંક-૮માં કહ્યું હતું અને તે પછી ૨ અઠવાડિયામાં વધીને રૂ. ૧૨૦૦ ઉપર આવ્યો છે. જાળવી રાખજો અને આગામી દિવસોમાં આ શેરમાં બીજા રૂ. ૧૦૦ મળવાની જગ્યા છે. ફંડામેન્ટલ જોરદાર છે અને તેથી શેર જાળવી રખાય.

**યસ બેન્ક** માટે રૂ. ૧૦૦૦ ઉપરના ભાવની વાત ઘણાં અઠવાડિયાથી કરતા હતા. રૂ. ૧૦૨૬ના ભાવે આ શેરમાં રોકાણ જાળવી રખાય. આંશિક પ્રોફીટ બુકીંગ કરી નાંખવું પણ ખોટું નથી અને તે પૈસા **એક્સિસ બેન્ક**ના શેરમાં શિફ્ટ કરી દેવાય. યસ બેન્કથી એક્સિસ બેન્કમાં શિફ્ટ થતાં વધારે સલામતીની સાથે વધારે નફો મળવાની જગ્યા છે.

**આઈટીસી રૂ. ૩૫૬ના ભાવે ધ્યાનમાં રખાય.**

શોર્ટટર્મ એંગલથી **મિંડા ઈન્ડસ્ટ્રીઝ**નો રૂ. ૧૧૬૫વાળો શેર ધ્યાનમાં રખાય. આવતાં થોડાં દિવસોમાં મિંડામાં રૂ. ૫૦નું પત્તું મળી જવાની સંભાવના મજબૂત છે.

**એપીએલ એપોલો**નો રૂ. ૮૯૦વાળો શેર પકડી શકાય અને આવતાં થોડાં દિવસોમાં જ આ શેરમાં રૂ. ૯૪૦ના ભાવની સંભાવના મજબૂત છે. પાઈપની સુંદર માંગ છે અને તે પાછળ આ શેર ઝડપથી વધવાની ગણતરી.

**ન્યૂલેન્ડ લેબોરેટરીઝ** અત્યારે રૂ. ૭૯૭ ઉપર છે અને તેને ધ્યાનમાં રખાય. હવેના તબક્કે બીજી હરોળના ફાર્મા શેરોમાં આકર્ષણ વધશે અને તેથી ન્યૂલેન્ડ લેબોરેટરીઝ અને તેવી જ રીતે **અરવિંદો ફાર્મા**ના શેર ધ્યાનમાં રાખવા સલાહભરેલ છે.

**હિરો મોટોકોર્પ**માં ફરી એક વખત સટોડિયા જોરદાર સક્રિય થયા છે. રૂ. ૩૦૯૭વાળા આ શેરમાં આવતાં થોડાં દિવસોમાં રૂ. ૧૦૦નું પત્તું ઉમેરાઈ જાય તો નવાઈ નહિ લાગે તેમ છતાં હવેના ઉછાળે ખૂબજ સંભાળીને કામ કરવું જરૂરી.

રૂ. ૭૧૧ ઉપર આવી ગયેલી **બાયોકોન**માં વધારે ખેંચવા જેવું નથી. પ્રોફીટ બુકીંગનો આવો સુંદર ચાન્સ ન છોડાય. અચાનક જ કોઈ નેગેટિવ સમાચાર આવે અને રૂ. ૪૦ કમાવા જતાં રૂ. ૧૦૦ ખોવા પડે તે ભય મોટો છે.

**લાર્સને** છેલ્લી ૪ સેશનમાં તોતિંગ ઉછાળો બતાવ્યો અને તેથી મંગળવારના બજારમાં થોડું પ્રોફીટ બુકીંગ આવ્યું છે તેમ છતાં લાર્સને તેનું મહત્ત્વનું રેઝિસ્ટન્સ લેવલ પસાર કરી દીધું હોવાથી આ શેર લાંબી તેજીમાં દાખલ થયો છે. આવતાં થોડાં દિવસો ટૂંકી વધઘટનો જ તબક્કો જોવાયા પછી નવી તોફાની તેજી આગળ વધશે અને મુંબઈના ખેલાડીઓ આ વખતે લાર્સન માટે રૂ. ૧૭૦૦થી રૂ. ૧૮૦૦નો ભાવ લાવ્યા છે.

**એચડીએફસી** મજબૂત તેજીમાં દાખલ થયો છે. રૂ. ૧૨૩૪વાળા આ શેરમાં કોઈક સારા સમાચારો ડ્યુ છે. મહત્ત્વનું રેઝિસ્ટન્સ લેવલ તેણે પસાર કરી નાંખ્યું છે અને તેવી જ રીતે ફંડ મેનેજરોએ પણ ખૂબજ જંગી જથ્થામાં **એચડીએફસી બેન્ક** અને **એચડીએફસી** કવર કર્યા છે. તમે પણ થોડાં એચડીએફસી લઈને મૂકી દો. આગામી દિવસોમાં સુંદર રિટર્ન આપી જવાની ગણતરી છે.

**ટેક મહિન્દ્રા** ઘણાં વખતથી લેવડાવીએ છીએ. પરિણામ જોરદાર આપ્યા અને સાથે સાથે પરદેશમાં મોટું ટેકઓવર કર્યું હોવાથી આ શેરમાં ફેન્સી વધી છે. રૂ. ૫૪૪માં પણ આકર્ષક. ધીમા સુધારા સાથે રૂ. ૫૭૦નો ભાવ આવી જવાની ગણતરી.

**આઈટીસી** રૂ. ૩૫૬ના ભાવે ધ્યાનમાં રખાય. કમાણીની સરખામણીમાં શેર ઘણો ઉંચો છે પરંતુ બોનસને કારણે આ શેરને સપોર્ટ મળી રહ્યો છે અને શોર્ટટર્મમાં જ રૂ. ૩૭૦નો ભાવ આવી જવાની ગણતરી છે.

રૂ. ૭૫ ઉપર આવી ગયેલા **ટાટા પાવર**માં ઝડપી ઉછાળાની જગ્યા. થોડાં શેરો અત્યારે લઈને મૂકી દેવાય. આગામી દિવસોમાં રૂ. ૭૫થી વધીને રૂ. ૮૨ ઉપર આવી જવાની તૈયારી છે.

**પાવરગ્રીડ** રૂ. ૧૫૧.૭૫ના ભાવે ધ્યાનમાં રાખજો. ભારત સરકારની આ નવરત્ન કંપની ગ્રીડ નેટવર્કના વિસ્તરણ માટે જંગી મૂડીરોકાણ કરી રહી છે અને આવતાં ૩ વર્ષની નફાશક્તિ ખૂબ સુંદર આવવાની ગણતરી છે. રૂ. ૧૫૧થી ઝડપથી વધી રૂ. ૧૬૧નો ભાવ બતાવવાની ગણતરી છે.

**સ્ટેટ બેન્ક**નો શેર છેલ્લાં થોડાં મહિનાથી સતત ઘસાઈ રહ્યો હતો પરંતુ હવે કરેક્શન પૂરું થયું છે. અત્યારે રૂ. ૧૯૯ ઉપર છે અને આવતાં થોડાં દિવસોમાં રૂ. ૨૨૦નો ભાવ બતાવે તો નવાઈ નહિ લાગે.

શોર્ટટર્મ ખેલાડીઓ આઈટી સેક્ટરમાં રૂ. ૧૨૬૮વાળી **ઇન્ફોસિસ**માં સક્રિય થયા છે. પરિણામો સારા આવ્યા પછી હવે ઈન્ફોસિસમાં વોલ્યુમ વધવા લાગ્યું છે. લગભગ ૩૨ લાખ શેરોનું જંગી વોલ્યુમ આ કાઉન્ટર ઉપર છે અને ટૂંકા ગાળામાં જ રૂ. ૧૩૨૦ના ભાવની સંભાવના મજબૂત છે.

**બજાજ ઓટો**ના શેરમાં પણ શોર્ટટર્મ ઉછાળો શરૂ થઈ ગયો છે. રૂ. ૨૬૦૭વાળા આ શેરને ધ્યાનમાં રાખજો. પરિણામો સુંદર આપ્યા અને થોડાં અઠવાડિયામાં જ રૂ. ૧૦૦નું પત્તું આપી જાય અને તે પછી ધીરે ધીરે રૂ. ૨૮૦૦ના ભાવની સંભાવના મજબૂત છે.

ઈન્ફોસિસની સાથે સાથે **ટીસીએસ**માં પણ શોર્ટટર્મ ખેલાડીઓ લેવાલ થઈ ગયા છે. રૂ. ૨૬૩૬ના ભાવે થોડાં અઠવાડિયામાં જ રૂ. ૧૦૦નું પત્તું મળે.




**સોમવારના સુંદર ઉછાળા પછી નિફ્ટીમાં હવે તેજીની ચાલ દેખાય છે, અને ટ્રેન્ડ હવે વધારે મજબૂતી તરફ આગળ વધી રહ્યો છે.**

**નિફ્ટીમાં ટૂંકા ગાળાનો, મધ્યમગાળાનો અને લાંબાગાળાનો ટ્રેન્ડ બુલીશ પેટર્ન દર્શાવે છે.**

**આરએસઆઈ ૬૯.૮૯ ઉપર છે, પરંતુ એમએસીડી ઈન્ડિકેટર પણ સુંદર ઉછાળો બતાવે છે. સિગ્નલ લાઈન ૪૫.૫૦ની સામે એમએસીડી લાઈન ૭૭.૪૩ ઉપર છે અને તે રીતે તેજી તીવ્ર રહેશે. સ્ટોકેસ્ટિક્સ ઈન્ડિકેટર અને સ્ટોકેસ્ટિક્સ આરએસઆઈ ટૂંકા ગાળામાં નિફ્ટીમાં મજબૂત વૃદ્ધિની સંભાવના દર્શાવે છે.**

**૮૧૫૨ના મજબૂત સ્ટોપલોસથી તેજીની પોઝિશન જાળવી રખાય અને ઉપરમાં ૮૨૦૨ પસાર થતાં ૮૨૨૫ બતાવે.**

## એફઆઈઆઈ ટ્રેન્ડ

### વ્યાજ વધારાનો ભય ગયો...

જૂન મહિનામાં ફેડરલ રિઝર્વની મિટીંગ મળવાની છે, પરંતુ આ વખતે એફઆઈઆઈમાં કે કોમોડિટી ટ્રેડરોમાં વ્યાજદર વધવા અંગે ભય નથી રહ્યો. થોડાં અઠવાડિયા પહેલાં ફેડરલ રિઝર્વના બે સભ્યોએ વ્યાજદર અંગે શેરબજાર બિનજરૂરી ગભરાટ ધરાવે છે તેવું સ્ટેટમેન્ટ આપ્યું હતું અને તેમણે જે રીતે વ્યાજદરમાં વધારો એ અમેરિકન અર્થતંત્રની મજબૂતાઇ છે તે સમજાવ્યા પછી એફઆઈઆઈના માનસ ઉપરથી ગભરાટ દૂર થઈ ગયો છે.

સામે પક્ષે ૨ વર્ષ સત્તા ઉપર રહ્યા પછી ભાજપ સરકાર અંગે એફઆઈઆઈમાં વિશ્વાસ વધ્યો છે અને આ વખતે ઇન્ફ્રાસ્ટ્રક્ચર અંગે જોરદાર પગલાંઓ લેવાશે તે આશાવાદને કારણે અને ચૂંટણીમાં સીટો વધારે મળી હોવાથી રાજ્યસભામાં પણ તેની પોઝિશન મજબૂત થઈ છે અને જીએસટી ખરડો પસાર થશે તે આશાવાદને કારણે એફઆઈઆઈ ભારતીય બજાર અંગે વધારે આક્રમક રીતે લેવાલ થઈ ગઈ છે અને આ વખતે વિદેશી સંસ્થાઓની લેવાલી ઓલ્ડ ઇકોનોમી શેરો તરફ જોવાય છે.

ઓલ્ડ ઇકોનોમી શેરોમાં મુખ્ય આકર્ષણ સિમેન્ટ અને બેન્ક શેરોમાં છે. પ્રોજેક્ટો ઝડપથી શરૂ થાય અને સિમેન્ટની માંગ વધે અને બેન્કોના રિસ્ટ્રક્ચરને કારણે તેમની સ્થિતિ પણ સુધરે તે ગણિત એફઆઈઆઈના મનમાં છે.

- **કોક્સ એન્ડ કિંગ્સ**, ટ્રાવેલ એજન્સીમાં ટોચનું નામ અને ખાસ કરીને એજ્યુકેશન ટ્રાવેલમાં પણ આ કંપનીની મોનોપોલિ છે અને આવો જોરદાર શેર તમને અત્યારે રૂ. ૧૪૮માં મળી રહ્યો છે. અત્યારના ભાવે તમે લેશો નહિ તે પણ મને ખબર છે. થોડાંક શેરો લીધા હશે તો ૧૨ મહિને ૫૦ ટકા કરતાં વધારે નફો પામશો.
- **જીએસએફસી**, ગુજરાત સરકારની કંપની અને એટલે દરેક રાજકારણી થોડી થોડી ખંખેરતા જાય તે સ્વાભાવિક છે, પરંતુ નફાશક્તિ એટલી જોરદાર છે કે આ રીતે નીચોવ્યા છતાં પણ બમ્પર નફો આવે. રૂ. ૭૩ના ભાવે વધારે નહિ તો ૫૦ શેર લઈને મૂકી દેવાય. આવી જ રીતે જીએનએફસીનો શેર લેવડાવેલો અને તે તો ડબલ થઈ ગયો. અત્યારે જીએસએફસી લઈને મૂકી દો અને તેમાં પણ ડબલ થવાના ચાન્સ પૂરા છે.

**રૂ. ૧૯૯ના ભાવે સ્ટેટ બેન્ક ભેગા કરતા જવાય, ટૂંકા ગાળામાં પણ ઝડપી બાઉન્સ બેક જોવાય**











શાંત ચિત્ત માટે મગજને સતેજ રાખે તેમજ ચિંતા, અકળામણ, ગુસ્સો દૂર કરે તે માટે વૈજ્ઞાનિક ઢબે તૈયાર થતું ક્રોસવર્ડ મેગેઝીન

મગજમારી ભેજામારી

નિવૃત્ત લોકો, ગૃહિણીઓ, બાળકો, ચાલીસીમાં પ્રવેશી ચૂકેલાઓ માટે બેસ્ટ

દર બુધવારે, કોપી બુક કરવો








## DYNAMIC INDUSTRIES LIMITED

CIN : L24110GJ1989PLC011989
Regd Office :Plot No. 5501/2, Phase III, Nr. Trikampura Cross Road, G.I.D.C., Vatva, Ahmedabad - 382 445
Tel : 25897221-22-23, Fax: 25834292
Email : accounts@dynaind.com Website : www.dynaind.com

**Extract of Standalone and Consolidated Audited/ Unaudited Financial Results for the Quarter /Year ended on 31st March, 2016**

(Rs. In Lakhs except earning per share)

| PARTICULARS | Standalone | | | Consolidated | |
|---|---|---|---|---|---|
| | Quarter Ended 31.03.2016 | Quarter Ended 31.03.2015 | Year Ended 31.03.2016 | Year ended 31.03.2016 | Year ended 31.03.2015 |
| Total Income from operations (net) | 810.93 | 893.25 | 3645.65 | 3646.55 | 6908.70 |
| Net Profit/(Loss) from ordinary activities after tax | 4.77 | (8.60) | 128.23 | 128.20 | 225.02 |
| Net Profit /(Loss) for the period after tax (after Extraordinary items) | 4.77 | (8.60) | 128.23 | 128.20 | 225.02 |
| Equity Share Capital (Face Value Rs.10 each) | 302.85 | 302.85 | 302.85 | 302.85 | 302.85 |
| Reserves (excluding Revaluation Reserve as per Balance Sheet of previous year) | — | — | 1652.89 | 1652.53 | 1464.08 |
| Earning Per Share(before extraordinary items)(of Rs.10 each) | | | | | |
| Basic | 0.16 | (0.28) | 4.23 | 4.23 | 7.43 |
| Diluted | 0.16 | (0.28) | 4.23 | 4.23 | 7.43 |
| Earning Per Share(after extraordinary items)(of Rs.10 each) | | | | | |
| Basic | 0.16 | (0.28) | 4.23 | 4.23 | 7.43 |
| Diluted | 0.16 | (0.28) | 4.23 | 4.23 | 7.43 |

**Notes:**

1.The above is an extract of the detailed format of Quarterly/Yearly Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly/Yearly Financial Results as on 31st March, 2016 are available on the Stock Exchange website(http://www.bseindia.com/corporates/ann.aspx?scrip=524818%20&dur=A) and on website of the company at (http://dynaind.com/investors_zone.html).

2.The above results were reviewed by the Audit Committee and approved by the Board at their meeting held on 30thMay, 2016.

For, Dynamic Industries Ltd.
Sd/-
Deepak N. Chokshi
Managing Director
DIN : 00536345

Date : 30-05-2016
Place : Ahmedabad

## MAXIMAA SYSTEMS LIMITED

CIN NO. L27100GJ1990PLC014129
Registered Office : B-1 , Yashkamal, Tithal Road, Valsad 396001,Gujarat.
Ph: +91 2632 222402/222403 Fax No : 02632 222302
Email : mkt@maximaasystems.com Website : www.maximaagroup.com

**Audited Consolidated Financial Results for the Quarter and Year ended 31st March 2016** (Rs. In Lacs)

| PARTICULARS | Standalone | | | Consolidated 31.03.2016 |
|---|---|---|---|---|
| | Quarter Ended 31.03.2016 Audited | Year Ended 31.03.2016 Audited | Quarter ended 31.03.2015 Audited | Audited |
| Total Income from operations (net) | 857.16 | 1863.39 | 871.74 | 1943.55 |
| Net Profit/(Loss) from ordinary activities after tax | 89.20 | 3.05 | -7.07 | -67.87 |
| Net Profit /(Loss) for the period after tax (after Extraordinary items) | 89.20 | 3.05 | -7.07 | -67.87 |
| Equity Share Capital | 1011.73 | 1011.73 | 1011.73 | 1011.73 |
| Reserves (excluding Revaluation Reserve as shown in the Balance Sheet of previous year) | 403.26 | 403.26 | 398.42 | 403.26 |
| i.Earning Per Share(before extraordinary items) | | | | |
| (a)Basic | 0.18 | 0.01 | -0.01 | -0.14 |
| (b)Diluted | 0.00 | 0.00 | 0.00 | 0.00 |
| ii.Earning Per Share(after extraordinary items) | | | | |
| (a)Basic | 0.18 | 0.01 | -0.01 | -0.14 |
| (b)Diluted | 0.00 | 0.00 | 0.00 | 0.00 |

**Notes:**

The above is an extract of the detailed format of Quarterly Financial Results filed with the StockExchanges under Regulation 33 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly Financial Results are available on the Company's Website (www.maximaagroup.com) or that of BSE Limited (www.bseindia.com).

For, Maximaa Systems Limited
Sd /-
Managing Director

Date : 30-05-2016
Place : Mumbai

## PRATIKSHA CHEMICALS LIMITED

REGD. OFFICE: 3RD FLOOR, H K COMPLEX, OPP. DHARNIDHAR DERASAR, VASNA, AHMEDABAD – 380007
CIN : L24110GJ1991PLC015507 www.pratikshachemicals.in
PH : 079-26632390 E-MAIL: exports@dharapratiksha.com

**Extract from the Audited Financial Results for the Quarter and Period ended 31st March 2016** (Rs. In Lacs)

| PARTICULARS | Quarter ended on 31.03.2016 | Year to date ended on 31.03.16 | Corresponding 3 Months ended on 31.03.15 |
|---|---|---|---|
| Total Income from operations (net) | 275.83 | 1,103.72 | 176.80 |
| Net Profit/(Loss) from ordinary activities after tax | (6.75) | 1.97 | (39.10) |
| Net Profit /(Loss) for the period after tax (after Extraordinary items) | (6.75) | 1.97 | (39.10) |
| Equity Share Capital | 557.03 | 557.03 | 557.03 |
| Reserves (excluding Revaluation Reserve as per Balance Sheet of previous year) | (302.29) | (302.29) | (294.29) |
| i.Earning Per Share(before extraordinary items)(of Rs. 10/- each)(not annualised) | | | |
| (a)Basic | - | 0.04 | - |
| (b)Diluted | - | 0.04 | - |
| ii.Earning Per Share(after extraordinary items)(of Rs.10/- each)(not annualised) | | | |
| (a)Basic | - | 0.04 | - |
| (b)Diluted | - | 0.04 | - |

**Notes:**

1.The above is an extract of the detailed format of Quarterly Financial Results filed with the Stock Exchange under Regulation 33 of SEBI (Listing and Other Disclosure Requirements) Regulation, 2015. The full Format of financial Results are available on the Stock Exchange website (www.bseindia.com) and on the Company website pratikshachemicals.in

2. The result of the Quarter and Period ended 31st March 2016 were reviewed by the Audit Committee and approved by the Board of Director at its meeting held on 30/05/2016.

BY ORDER OF THE BOARD OF DIRECTORS
FOR, PRATIKSHA CHEMICALS LIMITED
SD/-
MR. JAYESH PATEL
TECHNICAL DIRECTOR
(DIN: 00401109)

Date : 30-05-2016
Place : Ahmedabad